# દેશપ્રેમી કેદી

**– હરીશ નાયક**

ઘણા સમય પહેલાંની વાત છે. રાજગઢ નામના રાજ્યમાં રાજા વીરસિંહ રાજ કરતો હતો. રાજા ઘણો ઉદાર અને પ્રજાપ્રેમી હતો. તેના રાજ્યમાં બધા સુખેથી રહેતા હતા.

રાજા કલાકારો, લેખકો, કવિઓ અને વીરપુરુષોની કદર કરતો. તેમને માન સન્માન આપતો. તેના દરબારમાંથી કોઈ પણ ખાલી હાથે પાછું જતું નહીં.

રાજાને કુસ્તી જોવાનો ઘણો શોખ હતો. એટલે જ તે પોતાના રાજ્યમાં કુસ્તીની સ્પર્ધાઓ પણ યોજતો. તેના રાજ્યમાં દૂરદૂરથી પહેલવાનો પોતાનું નસીબ અજમાવવા આવતા.

એક વખતની વાત છે. રાજા પોતાના મંત્રીઓ સાથે વિચાર–વિમર્શ કરી રહ્યો હતો ત્યારે એક પહેલવાન ત્યાં આવી ચઢ્યો. પહેલવાને રાજાને સાદર પ્રણામ કરી કહ્યું, ‘મહારાજ ! મારું નામ જોરાવરસિંહ છે. હું પહેલવાન છું. કુસ્તી લડવી મારો શોખ છે. દૂર દૂર સુધી બધાં રાજ્યોમાં મારી વીરતાનું પ્રદર્શન કરી ચૂક્યો છું. બધી જગ્યાએ મેં વિજય પ્રાપ્ત કર્યા છે. હું તમારા રાજ્યમાં પણ મારી વીરતાનું પ્રદર્શન કરવા ઈચ્છું છું. જો તમારે ત્યાં કોઈ વીરપુરુષ હોય તો મારી સાથે મેદાનમાં ઉતારો.’


રાજાએ તેની વાત ધ્યાનથી સાંભળી. પછી તેને રહેવા માટે બંદોબસ્ત કરી આપ્યો. પછી રાજાએ આખા રાજ્યમાં ઢંઢેરો પિટાવી દીધો કે જે કોઈ જોરાવરસિંહ પહેલવાન સામે કુસ્તીમાં વિજયી થશે તેને ઈનામ આપવામાં આવશે.

બીજા દિવસે કુસ્તીનું આયોજન કરવામાં આવ્યું. રાજ્યના ઘણા બધા પહેલવાનોએ તેમાં ભાગ લીધો પરંતુ જોરાવરસિંહ સામે કોઈ ટકી શક્યું નહીં. નામી–અનામી બધા જ પહેલવાનોને જોરાવરસિંહે ધૂળ ચાટતા કરી દીધા. પોતાના પહેલવાનોને હારતા જોઈ રાજા શરમ અનુભવવા લાગ્યો. આખા રાજ્યમાં આ વાત આગની જેમ ફેલાઈ ગઈ કે પહેલવાન જોરાવરસિંહ સામે કોઈ જ ટકી શક્યું નથી.

ત્યારે રાજ્યના કેદખાનામાંથી જેલર રાજા પાસે આવ્યો. રાજાને વિનંતી કરી કહેવા લાગ્યો, ‘રાજન ! એક કેદી આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છે છે.’

મહારાજે તરત જ તે કેદીને અખાડામાં હાજર થવાનો હુકમ કર્યો.

થોડી જ ક્ષણોમાં કેદીને લઈને બે સિપાહીઓ અખાડામાં હાજર થયા. તે કેદીને જોઈને જ રાજાને તેના પર વિશ્વાસ બેસી ગયો. રાજાએ તેની સાંકળો ખોલી નાખવા હુકમ કર્યો.



આ સાંભળીને કેદી બોલ્યો : 'મહારાજ, મારી હાથકડીઓ અને પગની બેડીઓ ખોલવાની જરૂર નથી. એ તો હું ચપટીમાં તોડી નાખીશ.'

અને ખરેખર તેણે જોતજોતામાં પોતાના હાથ–પગ આજુબાજુ ફેલાવી તાકાત કરી હાથકડીઓ અને બેડીઓ તોડી નાખી. મહારાજા, દરબારીઓ અને દર્શકો આશ્ચર્યચકિત થઈ વાહવાહ કરવા લાગ્યા.

પછી કેદીએ રાજાને કહ્યું : 'મહારાજ, હવે આપ કુસ્તી લડવાનો પ્રબંધ કરો. આ રાજ્યના માન–સન્માન પર આંચ આવે કે લાંછન લાગે તે હું સહન ન કરું. તમને ખાતરી કરાવું છું કે હું આ સન્માનની પૂરેપૂરી રક્ષા કરીશ.'

કુસ્તી શરૂ થઈ. આખું નગર આ કુસ્તી જોવા ઊમટી પડયું. જોરાવરસિંહ અને કેદી વચ્ચે જબરજસ્ત લડાઈ થઈ. થોડી જ મિનિટોમાં કેદીએ જોરાવરસિંહને ધૂળ ચાટતો કરી દીધો. કેદીની જીત થઈ. ચારે તરફ કેદીની વાહ વાહ થવા લાગી.

સ્પર્ધા પૂરી થયા બાદ હારેલો જોરાવરસિંહ ભોંઠપ અનુભવવા લાગ્યો. તેણે તરત જ જીતેલા કેદીને ગળે વળગાડી દીધો અને શાબાશી આપી.

રાજાએ તે કેદીને આદર સાથે પોતાની પાસે બેસાડયો અને કહ્યું : ‘તેં મારા રાજ્યની આબરૂ બચાવી છે. તું જ કહે, તારે શું ઇનામ જોઈએ.’

કેદી હસીને બોલ્યો, ‘મહારાજ ! હું મારી તાકાતનો ઉપયોગ હંમેશાં સારા કામ માટે કરું છું. મેં ચોરી કરી જ છે તો પછી તેની સજા મને મળવી જ જોઈએ. જો હું નાસી જાત તો મારું મન મને કદાપિ માફ ના કરત.’

રાજા તેનો આ જવાબ સાંભળી ઘણો ખુશ થયો. રાજાએ તેની બાકીની સજા માફ કરી દીધી અને તેને માન–સન્માન સાથે ધન–દોલત આપી. સાથે સાથે ખેતી માટે જમીન પણ આપી, જેનાથી તે મહેનત મજૂરી કરી પોતાનું જીવન આરામથી ગુજારી શકે.

બધાએ આ વિચિત્ર કેદીને શાબાશી આપી. હવે તેણે પોતાનું જીવન આ ઘટના બાદ બદલી નાખ્યું. આ જ તેના માટે સૌથી મોટું ઇનામ હતું.

■